**એમ.એ.સી.પી. નંબર :- ૨૧/૨૦૨૧.**

**-: આંક – ૧ લગત હુકમ :-**

(૧) આજરોજ અરજદારો તથા અરજદારોના વિ.વકીલ શ્રી આર.એમ.સોલંકી તથા સામાવાળા નં. ૨ ટાટા એ.આઈ.જી. જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી. તરફે તેમના ઓફીસરશ્રી તથા વિ. વકીલશ્રી પી.એસ.શાહએ હાજર થઈ લોક અદાલતમાં આંક – ૧૮ થી સમાધાન પુરસીસ આપી **રૂ.૪,૨૫,૦૦૦/-(અંકે રૂપિયા ચાર લાખ પચ્ચીસ હજાર પુરા)** વળતર તરીકે અરજદારોને ચુકવવા સહમતી આપેલ હોઈ, જે બંને પક્ષકારોને કબુલ મંજુર હોઈ, હાલની વળતર અરજીના કામે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના સામાવાળા નં.(૨) ટાટા એ.આઈ.જી. જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.એ આ કામના અરજદારોને **રૂ.૪,૨૫,૦૦૦/-(અંકે રૂપિયા ચાર લાખ પચ્ચીસ હજાર પુરા)** અકસ્માત વળતર તરીકે એક માસમાં ચુકવી આપવા. જો સામાવાળા નં. (૨) ની વિમા કંપની અરજદારોને વળતરની રકમ એક માસમાં ચુકવવામાં કસુર કરે તો વળતરની રકમ અરજદારો ૯% વ્યાજ સહિત વસુલ મેળવવા હક્કદાર રહેશે.

(૨) સદર કામ લોક અદાલતમાં ફેંસલ થયેલ હોઈ વળતરની ૫૦% રકમ એકાઉન્ટ પેઈ ચેકથી અરજદારોને ચુકવવી તથા ૫૦% રકમ પાંચ વર્ષ માટે કોઈપણ નેશનલાઈઝ બેંકમાં ફીક્સ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સામાવાળાએ વળતરની રકમ ઉપર મળવાપાત્ર વ્યાજ ઉપર ટી.ડી.એસ. સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટે હંસાગૌરી પ્રફુલચંદ્ર લાધાણી અને બીજાઓ વિરૂદ્ધ ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ, ૨૦૦૭ એ.સી.જે. પેજ નં. ૧૮૯૭ માં જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતોનું પાલન કરવું.

(૪) રકમ વહેંચણીનો હુકમ રકમ જમા થયા બાદ કરવામાં આવશે.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૧.

પાટણ.

**( દિલીપ આણંદજીભાઈ હીંગુ )**
વાહન અકસ્માત વળતર પંચશ્રી(મુખ્ય),
**પાટણ.**
( **Judge U.I.Code No. GJ** 00403 )